# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2025** **Midday : 2.30 to 2.35 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SAPUTARA MONSOON FEST

ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે આજથી સાપુતારા મૉન્સુન ફૅસ્ટિવલનો આરંભ થયો. પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ "એક ભારત શ્રેષ્ઠ ભારત"ની વિષયવસ્તુ હેઠળ યોજાયેલા આ મહોત્સવનું ઉદ્ઘાટન કર્યું. હાલમાં સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. મહોત્સવ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમમાં 13 રાજ્યના કલાકારો તેમના પ્રદર્શનની પ્રસ્તુતિ કરશે તેમ પ્રવાસન મંત્રી મુળૂભાઈ બેરાએ જણાવ્યું.

**(BYTE: MULUBHAI BERA, TOURISM MINISTER)**

. . . . . . . . . . .

# KADI BILVA PATRA

મહેસાણાની કડી નગરપાલિકાએ શ્રાવણ માસમાં વિશેષ અભિયાન હાથ ધર્યું છે. તે અંતર્ગત શ્રાવણ માસમાં કડીના તમામ શિવ મંદિરોમાં ઉપયોગમાં લેવાતા ફૂલ અને બિલિપત્રોને એકત્રિત કરી તેનો બાયોગૅસ પ્લાન્ટમાં નિકાલ કરવામાં આવી રહ્યો છે.

. . . . . . . . . . .

# PAVAGADH ROPEWAY

સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં તળેટીથી માંચી સુધી વાંકાચૂકા ચઢાણ અને ઉતરાણ વાળા રસ્તા છે. દરમિયાન 28 જુલાઈથી આગામી 14 સપ્ટેમ્બર બે મહિના દરમિયાન બીજા અને ચોથા શનિવાર તથા રવિવાર અને પૂનમના દિવસોમાં હળવા અને ભારે વાહનો પર પ્રતિબંધ મુકાયો છે.

કોઈ અકસ્માત ન સર્જાય તે માટે આ નિર્ણય કરાયો છે. આ ઉપરાંત વાહનોનું પાર્કિંગ પંચમહોત્સવ વાળી ખાલી જગ્યાએ અને S.T. બસને પૉઈન્ટ વડા તળાવ ખાતે રાખવાનું જાહેરનામું અધિક જિલ્લા મૅજિસ્ટ્રેટ જે. જે. પટેલ દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.

. . . . . . . . . . .

# GANDHINAGAR ACCIDENT

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં સર્જાયેલા અકસ્માતની તપાસ માટે બનાવાયેલી સમિતિએ તપાસ હાથ ધરી છે. આ સમિતિ દ્વારા ઘટનાના સાંયોગિક પુરાવાઓ એકત્રિત કરાયા છે. આ દુર્ઘટનાને નજરે જોનારા લોકોના નિવેદન પણ લેવાયા છે. હવે ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- FSLની ટુકડી કારની ગતિ અંગે અહેવાલ તૈયાર કરશે તેમ ગાંધીનગરન જિલ્લાના નાયબ પોલીસ અધિક્ષક દિવ્યપ્રકાશ ગોહિલે જણાવ્યું.

**(BYTE: DIVYA PRAKASH GOHIL, DySP, GANDHINAGAR)**

. . . . . . . . . . .

# PM-MANN KI BAAT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં તેમના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 124મી કડી હશે. હિન્દીમાં "મન કી બાત"ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન સહિત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.**

. . . . . . . . . . .

# CM PATEL SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સુરત મહાનગરપાલિકાના 73 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને 362 કરોડ રૂપિયાથી વધુના પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કર્યું. શહેરી વિકાસ વર્ષ 2025ની ઉજવણી અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી 29 જુલાઈ સુધી રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. દરમિયાન રાજ્યમાં આજે બપોરે 12 વાગ્યા સુધીમાં 33 તાલુકામાં સામાન્ય વરસાદ થયો છે. તેમાંથી સૌથી વધુ સવા બે ઈંચ જેટલો વરસાદ વલસાડના કપરાડા તાલુકામાં વરસ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 56 ટકા જેટલો નોંધાયો છે.

. . . . . . . . . . .

# DAMAN SHIBIR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં વેચાણ પરવાનગી અને સનદ શિબિર યોજાઈ ગઈ. દમણના જમીન વિભાગે લોકોના જમીન સંબંધિત પ્રશ્નના નિરાકરણ અને જમીનના કાયદેસર ફેરબદલ અને માલિકીમાં લોકોને મદદ કરવાના ઉદ્દેશથી આ શિબિર યોજાઈ. દરમિયાન જિલ્લા કલેક્ટર સૌરભ મિશ્રાએ પાંચ ડઝનથી વધુ લોકોને વેચાણ પરવાનગી અને પ્રમાણપત્ર આપ્યું હતું. ઉપરાંત લોકોની સંબંધિત સમસ્યાઓને સાંભળી તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરાયો.

. . . . . . . . . . .